ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# સે.૨૦માં ચ-ટાઈપના મકાનમાં દિવાલની ટાઈલ્સ પડતા એકને ઈજા

## વોશબેઝીનની દિવાલ પરથી અચાનક ટાઈલ્સ ખરી પડી રીનોવેશનની કામગીરીમાં ભ્રષ્ટાચાર : ગુણવત્તાનો અભાવ

ગાંધીનગર,તા.૨

શહેરના સેક્ટર-૨૦ માં ચ-ટાઈપના એક મકાનમાં આજે સવારે વોશબેઝીનની દીવાલ પરથી અચાનક ગ્લેશ ટાઈલ્સો પોપડા સાથે ખરી પડતા એક કિશોરને ઈજા થવા પામી હતી.સરકારી આવાસના રીનોવેશન દરમ્યાન કામગીરીમાં ગુણવત્તા ન જળવાતા મકાનોની હાલત હજુ પણ જોખમી હોવાનું સ્પષ્ટ થયું છે.



શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો





હાલ ભયજનક સ્થિતિમાં છે.આ જોખમી મકાનોનું તબક્કાવાર મજબુતીકરણ પણ હાથ ધરવામાં આવી રહ્યું છે.આમ છતાં સરકારી કર્મચારીઓને માથે સલામત છત નશીબ ન થઈ હોવાની ફરિયાદો સમયાંતરે ઉઠતી રહે છે.શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના આવાસોમાં છતમાંથી પોપડા ખરતા હોવાની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી છે.જયારે રીનોવેશનની કામગીરી બાદ પણ સરકારી આવાસો ભયજનક સ્થિતિમાં અને રામભરોસે હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે.સે.૨૦ માં બ્લોક નં.૮૯/૩ , ચ-ટાઈપ નું મકાન જી.એ.ડી માં એસ.ઓ તરીકે ફરજ બજાવતા કલ્પેશભાઈ ભટ્ટ ને ફાળવવામાં આવ્યું છે. આજે સવારે તેમનો પુત્ર વોશબેઝીનમાં હાથ ધોતો હતો તે સમયે અચાનક જ દીવાલ પર ચીપકાવેલી ગ્લેશ ટાઈલ્સો ધડાકાભેર નીચે પડી હતી. જેના લીધે કિશોરને પણ નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. આ અંગે તેમણે સ્થાનિક ઈન્કવાયરી કચેરીમાં ફરિયાદ પણ કરી છે. મકાન રીનોવેશનની કામગીરીમાં ગુણવત્તા ન જળવાઈ હોવાની સાથે ભ્રષ્ટાચાર ભરખી ગયો હોવાની બુમરાણ મચવા પામી છે.



ખ-રોડ પર આવેલ ગંદા પાણીથી ભરેલ આ તળાવ રોગચાળાને આહ્‌વાન આપી રહ્યું છે. સત્વરે આરોગ્ય વિભાગ દ્વારા પગલાં લેવાય તે પ્રજાના હિતમાં છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરની ગ્રાન્ટેડ શાળાઓમાં હવે ગરીબ બાળકોને મફત શિક્ષણ

## જરૂરિયાતવાળા, વિચરતી જાતિના તેમજ એચ.આઈ.વી. ગ્રસ્ત બાળકોને રાઈટ-ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ મફત શિક્ષણ અપાશે : ફી સરકાર ચૂકવશે

ગાંધીનગર,તા.૨

રાઈટ ટુ એજયુકેશન એક્ટ અન્વયે શહેરની ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાયનાન્સ શાળાઓમાં માત્ર શહેરી વિસ્તારના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને હવે -વેશ આપવો ફરજીયાત બનશે.જેમાં એક વર્ગ દીઠ આવા દશ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવાનો રહેશે.આ વિદ્યાર્થીઓના -વેશ મામલે પણ શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ અગ્રતા ક્રમ પણ નક્કી કરી દેવાયા છે.આ ઉપરાંત જીલ્લા શિક્ષણ તંત્રએ શહેરની ૨૮ સેલ્ફ ફાયનાન્સ સ્કૂલો સાથે બેઠક પણ યોજી હતી.

રાઈટ ટુ એજયુકેશન એક્ટ અન્વયે ગરીબ અને વિચરતી જતી જાતિના તેમજ વંચિત જૂથના બાળકોને મફત શિક્ષણ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.આ યોજના અન્વયે બાળ મજુરો, સ્થળાંતરિત મજુરો, વિચરતી જતી જાતિના બાળકો, એચ.આઈ.વી ગ્રસ્ત તેમજ જરૂરીયાતવાળા બાળકો ઉપરાંત અનુસુચિત જાતિ, જનજાતિ અને બી.પી.એલ કાર્ડધારક પરિવારના બાળકોને મફત શિક્ષણ પૂરું પાડવામાં આવશે.શહેરની સેલ્ફ ફાયનાન્સ સ્કુલોમાં ધોરણ ૧ થી આવા બાળકોને -વેશ આપવામાં આવશે.એક વર્ગ માં આવા દશ બાળકોને સ્થાન મળી રહે તેવી પણ જોગવાઈ આ આયોજનમાં કરવામાં આવી રહી છે.એક વર્ષ દરમ્યાન ૨૫૦થી વધુ બાળકોને -વેશ આપવામાં આવશે.આ મામલે જીલ્લા શિક્ષણ તંત્ર દ્વારા શહેરની ૨૮ જેટલી સેલ્ફ ફાયનાન્સ શાળાઓના સંચાલકો સાથે બેઠક પણ યોજવામાં આવી હતી.આવા બાળકોને ધોરણ ૧ થી જ -વેશ આપવામાં આવશે જયારે આવા વિદ્યાર્થીઓની ફી સરકાર ભોગવશે.આ માટે જીલ્લા શિક્ષણ તંત્રની કચેરીથી લાભાર્થીઓને ફોર્મ ઉપલબ્ધ થશે.

# પાટનગરમાં ગરમીનો પારો બે ડિગ્રી ઘટ્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં છેલ્લા ૪ દિવસથી સૂર્યનારાયણ આકાશમાંથી અગનગોળા વરસાવી રહ્યા છે. જોરદાર ગરમપવનો અને તાપને લઈ રહિશો અને પશુ-પંખીઓ પણ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. કાળઝાળ ગરમીમાં લોકો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે અને ગમે તે ભોગે ઠંડક મેળવવાનો પ્રયાસ કરે છે. ત્યારે બપોર પડતા જ પાટનગરના માર્ગો સાવ સૂમસામ બની જતા કરફયુ જેવો માહોલ જોવા મળે છે. જ્યારે આજે તાપમાનનો પારો નીચે રહેતા ગરમીમાં ઘટાડો નોંધાયો છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

પાટનગર સહિત સમગ્ર રાજ્યમાં ગરમીનો પારો ૪૦ ડિ.સે. ની ઉપર નોંધાઈ રહ્યો છે. ત્યારે ગાંધીનગરમાં પણ આજે શુક્રવારે તાપમાનનો પારો ૪૦.૮ ડિ.સે. નોંધાયો હતો અને લઘુત્તમ તાપમાનનો પારો ૨૪.૫ નોંધાયો હતો. જ્યારે નગરમાં સવારે ૫૦ ટકા અને સાંજે ૨૦ ટકા ભેજનું પ્રમાણ નોંધાયું હતું. જેને કારણે દિવસભર ઉકળાટ અને બફારાનો ત્રાસ લોકો અનુભવી રહ્યા હતા. ત્રણ-ચાર દિવસથી ગરમીનો પારો સતત ૪૩ ડિ.સે. રહેતા આજે ગરમીનો પારો ૨ ડિ.સે. નીચે એટલે કે ૪૦.૮ નોંધાયો હતો. તેમ છતાં પણ રહિશોને કાળઝાળ ગરમીથી રાહત મળી નહતી. હિટવેવ ચાલુ રહેતા લોકોએ ઘરની અંદર રહેવાનું જ પસંદ કર્યું હતું અને કુલર-એસી જેવા ઉપકરણો ચાલુ કરી ગરમીથી ઠંડક મેળવવાનો પ્રયાસ કર્યો હતો. તો બીજી તરફ આગામી દિવસોમાં ગરમી વધુ પડવાની શક્યતાઓ પણ દેખાઈ રહી છે.

# જમ્મુ જવા નિકળેલો ગાંધીનગરનો યુવાન બે અઠવાડિયાથી લાપત્તા

ગાંધીનગર,તા.૨

ગાંધીનગર શહેરના સે.૨૯ બ્લોક નં.૬૫૩/૨ ખાતે રહેતો ૩૦ વર્ષીય યુવાન સમસુદ્દીન અબ્દુલમુનાફ ફતેહ એ તેના પરિવારને ૧૯ મી એપ્રિલે કહ્યું હતું કે તે આવતી કાલે જમ્મુ જવાનો છે.૨૦મી એ સમસુદ્દીન જમ્મુ જવા નીકળ્યો હતો.તે વાતને આજે બે અઠવાડિયા થઈ ગયા પરંતુ હજુ સુધી તે પરત ફર્યો નથી.કે તેનો કોઈ સંપર્ક થતો નથી.લાપતા બનેલા યુવાનના પિતા અબ્દુલમુનાફ ફતેહ ઈબ્રાહીમ એ સે.૨૧ પોલીસ મથકે પોતાના પુત્રના ગુમ થયા અંગે જાણવાજોગ અરજી આપતા પોલીસે યુવાનની શોધખોળ શરુ કરી છે.

# ચૂંટણીમાં એસ.ટી. તંત્રએ ૫૦ બસો દોડાવી : પાંચ લાખની આવક

ગાંધીનગર,તા.૨

લોકસભાની ચુંટણી પ્રક્રિયાને અનુલક્ષી ઈ.વી.એમ મશીન તેમજ ચુંટણી સ્ટાફ ના કર્મીઓને મતદાન મથક સુધી પહોચાડવા એસ.ટી તંત્ર દ્વારા ૫૦ જેટલી બસો ફાળવવામાં આવી હતી. બે દિવસની આ બસ સેવાના અંતે ગાંધીનગર ડેપોને રૂપિયા પાંચ લાખની આવક થઈ છે.

લોકસભાની ચુંટણીને લઈ મતદાન મથકો પર તંત્ર દ્વારા જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ચુંટણી દરમ્યાન મતદાન મથકો પર ફરજ બજાવતા કર્મચારીઓને પણ કોઈ તકલીફ ન પડે તેનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવ્યો હતો.ઈ.વી.એમ મશીન તેમજ ચુંટણી સ્ટાફના કર્મચારીઓને મતદાન મથકો સુધી લઈ જવા માટે એસ.ટી તંત્ર દ્વારા તા.૨૯ અને ૩૦ એપ્રિલના રોજ ૫૦ જેટલી બસો ચુંટણીની કામગીરી માટે દોડાવવામાં આવી હતી.જેમાં ચાંદખેડા, મોટેરા સહિતના શહેરના અને ગ્રામ્ય વિસ્તારના મતદાન મથકોના રુટમાં એસ.ટી ની બસોની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી હતી. બે દિવસની આ ચુંટણીલક્ષી બસ સેવાને અંતે ગાંધીનગર એસ.ટી ડેપોને રૂ.૫ લાખ ની આવક થઈ હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

# ‘‘સેલ્ફી’’ : સેલ્ફ ઈમેજ, સેલ્ફ લવ કે સેલ્ફ રીસ્પેક્ટ

## ભારતીય રાજકારણીઓમાં નરેન્દ્ર મોદીએ સેલ્ફીનો પ્રયોગ કરી યુવાનોને આકર્ષવામાં સફળતા મેળવતા બીજા નેતાઓ સફાળા જાગ્યા

ગાંધીનગર, તા. ૨

આજકાલ સોશ્યલ મીડીયા અને દેશભરના અખબારોમાં ‘‘સેલ્ફી’’ ખૂબ જ ચર્ચાસ્પદ છે. નરેન્દ્ર મોદીએ ચૂંટણીમાં મતદાન કર્યા પછી કમળના નિશાન સાથે પોતાની ‘‘સેલ્ફી’. લેતા દશ્યો ટીવી પર વારંવાર બતાવાઈ રહ્યા છે અને તેની પાછળ વકરેલા વિવાદે ‘‘સેલ્ફી’’ને હાલ ખૂબ જ ચર્ચાસ્પદ શબ્દ બનાવી દીધો છે.



યુવાનો સોશ્યલ મીડીયાનો ખૂબ ઉપયોગ કરે છે અને છેલ્લા એકાદ વર્ષથી આ સોશ્યલ મીડીયામાં ‘‘સેલ્ફી’’ શબ્દ પ્રચલિત થયો છે. ‘સેલ્ફી’ એટલે પોતાની જાતે જ પોતાનો પાડેલો ફોટો. મોબાઈલ કે ડીઝીટલ કેમેરા વડે પોતાની જાતે જ પાડેલા ફોટાને સેલ્ફી કહેવાય છે અને આ સેલ્ફી અત્યારે એટલા લોકપ્રિય થયા છે કે ઓક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા પણ આ વર્ષના સૌથી ચર્ચાસ્પદ નવા શબ્દ તરીકે સેલ્ફીને મહત્વ અપાયું છે. યુવાનોમાં આ રીતે પોતાના સેલ્ફી ‘પોસ્ટ’ કરવાનો ગાંડો ક્રેજ ફેલાયેલો જોવા મળે છે. ફેસબુક, ટ્વીટર અને અત્યારના સૌથી વધુ વપરાતા વ્હોટ્સએપ પર અવનવા ‘સેલ્ફી’ મુકવા માટે નેટીઝન્સ અનેક તુક્કા લડાવી રહ્યા છે. એક અંદાજ એ પણ છે કે આ લોકસભાની ચૂંટણીઓમાં મતદાનની વધેલી ટકાવારીમાં યુવાનોમાં ફેલાયેલો આ સેલ્ફીના ક્રેઝનો પણ સામેલ થાય છે.

વિદેશોમાં રાજકારણીઓમાં સેલ્ફી પોસ્ટ કરવાનો શોખ જોવા મળે છે. પરંતુ ભારતીય રાજકારણીઓમાં માત્ર નરેન્દ્ર મોદીએ આ પ્રકારના થોડા સેલ્ફી પોસ્ટ કરતા યુવાનોમોં એક ખાસ અસર કરી શક્યા છે. આમ પણ બીજા ભારતીય રાજકારણીઓની તુલનામાં સોશ્યલ મીડીયાનો અસરકારક ઉપયોગ કરવામાં નરેન્દ્ર મોદી અવ્વલ સાબિલ થયા છે. અને આ કારણે તેમણે યુવાનોમાં ખાસ્સા લોકપ્રિય થવામાં સફળ રહ્યા છે. નમોના આ પ્રયાસને યુવા વર્ગમાંથી અદમ્ય પ્રતિભાવ મળતા બાકીના રાજકારણીઓ પણ સફાળા જાગ્યા છે અને હવે ઘણા રાજકારણીઓ સોશ્યલ મીડીયા પર એક્ટીવ બની ગયા છે. સાથે સાથે તેમના સેલ્ફી પણ પોસ્ટ કરવા લાગ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજથી કલ્ચરલ ફોરમનો ગ્રીષ્મોત્સવ

## કલ્ચરલ ફોરમ દ્વારા ૩ અને ૪ મે ના રોજ ગરબા ગ્રાઉન્ડમાં ગ્રીષ્મોત્સવની ઉજવણી : ઓસમાણ મીર અને સુનિધી ચૌહાણ શ્રોતાઓને ડોલાવશે





ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર, ગરમાળો અને ગ્રીષ્મઋતુના અનોખા સમન્વય વચ્ચે કલ્ચરલ ફોરમ દ્વારા ગ્રીષ્મોત્સવની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યું છે. તપતા સૂરજ વચ્ચે નિખરતા ગરમાળાના પીળા ફૂલે ગ્રીષ્મનો મિજાજ રંગીન બનાવ્યો છે. ત્યારે કલ્ચરલ ફોરમે ગ્રીષ્મઋતુની રોનક વધારવા તા. ૩ અને ૪ મે ના રોજ ગ્રીષ્મોત્સવનું આયોજન કર્યું છે. સે. ૧૭ સ્થિત ગરબા મેદાનમાં સાંજે ૭ કલાકે ગુજરાતી લોકગીતો તેમજ હિન્દી ફિલ્મી ગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઓસમાણ મીર અને સુપ્રસિદ્ધ ગાયિકા સુનિધી ચૌહાણ પોતાના જાદુઈ સૂરથી શ્રોતાઓને તરબોળ કરશે.

શહેરમાં સાંસ્કૃતિક વૃત્તિ-પ્રવૃત્તિને વેગ આપતી કલા સંસ્થા કલ્ચરલ ફોરમ દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી કલાકારોને સ્ટેજ પુરૂ પાડવા ઉપરાંત વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં નવરાત્રી પર્વની ભાતીગળ ઉજવણીની સાથે આકરી ગરમીમાં ગ્રીષ્મોત્સવનું આયોજન પણ ગાંધીનગરાઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. વર્ષ ૧૯૯૫ દરમિયાન તા. ૪ મે ના રોજ સંસ્થાના બીજ રોપાયા બાદ અનેકવિધ વૈવિધ્યસભર કાર્યક્રમોના આયોજનના અંતે બે દાયકા બાદ સંસ્થાએ ગાંધીનગરની પણ સાંસ્કૃતિક નગરી તરીકેની આગવી ઓળખ આપી છે. કલ્ચરલ ફોર્મના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યું હતું કે સંસ્થાના ૨૦મા વર્ષમાં મંગલ પ્રવેશ વેળાએ દર વર્ષની જેમ આ વર્ષે પણ ગ્રીષ્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સે. ૧૭ સ્થિત કલ્ચરલ ફોરમના ગરબા મેદાનમાં તા. ૩ અને ૪ મે ના રોજ સાંજે ૭ વાગે ગુજરાતી લોકગીતો, ગઝલ અને હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાશે. ગ્રીષ્મોત્સવના પ્રથમ દિવસે મન મોર બની થનગનાટ કરે રામલીલા ફેઈમ ઓસમાણ મીર તેમજ બીજા દિવસે સુપ્રસિદ્ધ ગાયિકા સુનિધી ચૌહાણ ગીતોના સૂર રેલાવી શ્રોતાઓને ડોલાવશે.

Y.A. MANSURI
M. : 9824049503
SANJAY S. SHAH
P. Manubhai Medical
Since 1986
अभय
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Marriage
• Exhibitions • Reception • Parties • Seminars
ABHAY DECORATORS
FEEL FREE. BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194,
B/h. Videocon Factory, Electronics Estate,
GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators, www.abhaydecorators.com

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech
SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com